શહેરમાં અડધા ઈંચ વરસાદથી વાતાવરણમાં ઠંડક

સેકટરોમાં કાદવ કિચ્ચડ : બપોરના સમયે આકાશમાં ઘેરાયેલા વરસાદી વાદળો વરસતા ઠંડક પ્રસરી : સેકટરોની શેરીઓમાં વરસાદી પાણીના ખાબોચિયા ઉભરાયા : કોરોનાના કહેર વચ્ચે વરસાદ વરસતા માસ્ક પહેરવામાં મુશ્કેલી : કોર્પોરેશને માર્ગ વચાળે ખોદેલા ખાડામાં વાહનચાલકો પછડાયા

ગાંધીનગર તા ૮

ગાંધીનગરમાં છેલ્લા બે ચાર દિવસના વાદળિયા

વાતાવરણ બાદ આજે બપોરના સમયે આકાશમાં કાળા ડીબાંગ વરસાદી વાદળો ઘેરાઈ આવ્યા હતા. વાતાવરણ પલ્ટાના અંતે વરસાદ વરસ્યો હતો થોડીવારના હળવા વરસાદી ઝાપટાથી સર્વત્ર ઠંડક પ્રસરી હતી. જયારે વરસાદી ઝાપટાના લીધે સેકટરોમાં કાદવ કીચ્ચડના દ્રશ્યો જોવા મળ્યા હતા. સેકટરોમાં વરસાદી સમસ્યાઓ પણ જોવા મળી રહી છે. સફાઇના અભાવે સેકટરોમાં કેટલાક ઠેકાણે ગંદકીના ઢગ ખડકાયા છે. શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૧ મી મી વરસાદ થયો છે. કોરોનાના કહેર વચ્ચે હળવા વરસાદી ઝાપટા વચ્ચે નગરનુ જનજીવન પણ પ્રભાવિત થયુ હતુ. વરસતા વરસાદમાં મોઢા પર માસ્ક પહેરવાનુ પણ નાગરિકો માટે મુશ્કેલ બન્યુ હતુ.

શહેરમાં છેલ્લા બે ચાર દિવસથી મોસમનો મિજાજ બદલાયેલો છે. આકાશમાં વરસાદી વાદળોનો ઘેરાવો જોવા મળે છે. રોજબરોજ વાદળિયા વાતાવરણ વચ્ચે ગમે ત્યારે વરસાદ વરશે તેવી સંભાવના વચ્ચે ગરમીનો પારો પણ ગગડતા નગરજનો રાહત અનુભવી રહ્યા છે. છેલ્લા ત્રણ દિવસથી

આકાશમાં વરસાદી વાદળો ઘેરાઈ આવતા ક્યારેક છાંટણા વરસતા નગરજનો ભીંજારાનો માહોલ અનુભવતા હતા રાત્રિના સમયે પણ સુસવાટા મારતા પવન વચ્ચે વરસાદી વાયરાનો અહેસાસ કરતા નગરજનોને પ્રિમોન્સુન રેઈનના ભણકારા વાગી રહ્યા હતા. આજે પણ સવારથી વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી માહોલ જોવા મળ્યો હતો. જયારે બપોરના સમયે અચાનક જ આકાશમાં કાળા ડીબાંગ વાદળો ઘેરાઈ આવ્યા હતા. જેના અંતે અચાનક જ રીમઝીમ વરસાદ વરસવાનુ શરૂ થયુ હતુ. થોડીવાર સુધી વરસેલા વરસાદના હળવા ઝાપટાના અંતે શહેરમાં ચોમેર ઠંડક પ્રસરી હતી જયારે સેકટરોની શેરીઓમાં પણ કાદવ કિચ્ચડ વચ્ચે વરસાદી પાણીના ખાબોચિયા ભરાઈ ગયા હતા. શહેરના મુખ્યમાર્ગો પર વરસાદી પાણી ભરાયા હતા.

છેલ્લા ૨૪ કલાકમાં શહેરમાં ૧૧ મી મી અલબત્ત અડધો ઈંચ વરસાદ વરસ્યો હતો. વરસાદી માહોલથી જનજીવન પ્રભાવિત થયુ હતુ.

સેકટરોમાં વરસાદના આગમના સાથે જ વરસાદી સમસ્યાઓ જોવા મળી હતી. સેકટરોની શેરીઓમાં સફાઇના અભાવે ખડકાયેલા કચરાના ઢગમાં વરસાદી પાણી ભળતા ગંદકી જટીલ બની હતી. આ ઉપરાંત માર્ગ વચાળે કોર્પોરેશને ખોદેલા ખાડાઓમાં પણ માટી પોલાણ થવાનુ શરૂ થઇ ગયુ છે. કેટલાક ઠેકાણે વાહનચાલકો પટકાયા હતા. જેના લીધે વાહનચાલકોએ સાવધાની વર્તવાની અનિવાર્યતા ઉભી થઇ છે. આજે વરસાદી માહોલમાં મહત્તમ તાપમાન ૩૭ ડીગ્રી રહ્યુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન ૨૭ ડીગ્રી રહ્યુ હતુ. વાતાવરણમાં ભેજનુ પ્રમાણ ૭૧ ટકા અને સાંજે ૯૭ ટકા રહ્યુ હતુ. જો કે વરસાદી ઝાપટા બાદ સાંજે વાતાવરણમાં ઉઘાડ નિકળ્યો હતો.

ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૭ કેસ નોંધાયા

ગાંધીનગરમાં 3, દહેગામમાં ૧ અને કલોકમાં 3 કેસ, ૧૦૯૭૮ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ : ૩૧૦૬ ટેસ્ટ કરવામાં આવ્યા છે

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાનો કહેર ધીમો પડ્યો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૭ કેસ નોંધાયા છે.

જે સાત કેસ આજે નોંધાયા છે તેમાં ગાંધીનગર તાલુકામાં ૩, કલોલમાં ૩ અને દહેગામ તાલુકામાં એક કેસ નોંધાયો છે.

આજે છેલ્લા એક સપ્તાહમાં સૌથી ઓછા કેસ નોંધાતા તંત્રએ થોડોક રાહતનો શ્વાસ લીધો છે.

મળતી વિગતો પ્રમાણે રાયસણમાં એક કેસ નોંધાયો છે. ૪૮ વર્ષીય આ પુરુષ અમદાવાદ ખાતે પાઈપ ફીટીંગના વ્યવસાય સાથે સંકળાયેલ છે.

આ ઉપરાંત ગુજરાત ગેસ કંપનીમાં ગાંધીનગર ખાતે નોકરી કરતો સુઘડનો એક ૩૫ વર્ષીય યુવકનો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો છે.

તો વટવા બેંક ઓફ બરોડામાં નોકરી કરતા ઝુંડાલના એક ૩૪ વર્ષીય યુવકનો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો છે.

કલોલ અર્બન વિસ્તારમાંથી આજે ૩ કેસ મળી આવેલ છે. જેમાં એક મહિલા અને બે પુરુષ દર્દીનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં કોરોનાનો વધુ એક કેસ નોંધાયો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરમાં આજે કોરોના પોઝિટિવનો એક જ કેસ નોંધાતા તંત્રએ રાહતનો દમ લીધો છે.

આજે સે.૨૮ની બનાસકાંઠા સોસાયટીમાંથી આ કેસ મળી આવેલ છે. ૭૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝિટિવ આવતા તેમને સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે આ વૃદ્ધ પેરેલીસીસની સારવાર માટે આવ્યા હતા અને તેમણે શહેરની બે ખાનગી હોસ્પિટલોની મુલાકાત લીધી હોવાનું જાણવા મળેલ છે. તંત્ર દ્વારા આ વિસ્તારમાં સઘન સર્વેલન્સ અને સેનિટાઈઝેશન સહિતની કામગીરી હાથ ધરવામાં આવી છે. શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૧૪૩ થઈ છે. ૯૦ દર્દીઓ રિકવર થઈ જતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જ્યારે ૫૦ દર્દી હાલ સારવાર હેઠલ છે. ૩ દર્દીના સારવાર દરમિયાન મોત થયા છે.

શહેરમાં વિવિધ શાળાઓને પુસ્તકો ન મળતા આચાર્યો અને શિક્ષકોને મુંઝવણ

સરકાર તરફથી વિના મુલ્યે તા ૮ થી ૧૩ જુન સુધી પુસ્તકો પહોંચાડવા સરકારે જાહેરાત કરી હતી પરંતુ શાળાઓમાં જ પુસ્તકો મળ્યા નથી : વિદ્યાર્થીઓ પણ પુસ્તકની રાહમાં

ગાંધીનગર તા ૮

કોરાના કાળમાં શાળા કોલેજો બંધ છે. ત્યારે વિદ્યાર્થીઓને હોમ લર્નિંગના આધારે ઘરેથી જ શિક્ષણ આપવા માટે સરકારે આયોજન કર્યુ છે. આવા સંજોગોમા જે વિદ્યાર્થીઓને સરકાર વિના મુલ્યે પુસ્તક આપે છે તેવા વિદ્યાર્થીઓને તા ૮ થી ૧૩ જુન સુધીમાં પુસ્તક પહોંચી જશે તેવી જાહેરાત કરી હતી પરંતુ હજુ સુધી આ પુસ્તકો શાળાને જ મળ્યા નથી. જેના લીધે શાળાના આચાર્યો તેમજ શિક્ષકોની મુંઝવણ પણ વધી છે.

જે વિદ્યાર્થીઓને સરકાર તરફથી વિના મુલ્યે પુસ્તકો પુરા પાડવામાં આવે છે તેવા વિદ્યાર્થીઓને તા ૮ થી ૧૩ જુન સુધી પુસ્તકો મળી જાય તેવી વ્યવસ્થા કરવા માટે સરકારે સુચના આપી છે. પરંતુ હજુ સુધી શાળાઓમાં પુસ્તકો પહોંચ્યા નથી જયારે પાઠયપુસ્તક મંડળ પણ આ પુસ્તકો પહોંચાડી શકયુ નથી ત્યારે સરકારે નિયત કરેલી સમય મર્યાદામાં આવા વિદ્યાર્થીઓ માટે પુસ્તકની વ્યવસ્થા થઈ નથી. સરકારે કોરોના કાળ દરમિયાન હોમ લર્નિંગનો કન્સેપ્ટ અપનાવી વિદ્યાર્થીઓને ઘરે બેઠા જ શિક્ષણ મળે તેવી વ્યવસ્થા કરવા માટે નવતર આયોજન કર્યુ છે. પરંતુ આ માટે હજુ આનુસંગિક વ્યવસ્થાઓ ખુટે છે. શાળાઓ પણ આ નવતર આયોજનને અનુલક્ષી સજ્જ થઈ રહી છે. બીજીતરફ પુસ્તકો પણ વિદ્યાર્થીઓ સુધી ઝડપથી પહોંચે તે માટે યોગ્ય વ્યવસ્થા થાય તે જરૂરી છે. સરકારે તારીખ જાહેર કરી દીધી પરંતુ આ વ્યવસ્થા યોગ્ય રીતે થાય તે માટે આગળ કોઈ આયોજન કર્યુ નથી જેના પરિણામે શાળાઓમાં આચાર્ય સહીત શિક્ષકો પણ મુંઝવણ અનુભવી રહ્યા છે. એકબાજુ બોર્ડની પરીક્ષાઓના પરિણામ જાહેર કરવાની સાથે નવા શૈક્ષણિક વર્ષના પ્રારંભે શાળાઓમાં ગતિવિધિઓ ધમધમી રહી છે .ત્યારે વિદ્યાર્થીઓને પુસ્તકો પહોંચતા કરવાનુ પણ મુંઝણવણભર્યુ બન્યુ છે.

આજે ધોરણ-૧૦નું પરિણામ

શિક્ષણ બાર્ડની વેબસાઇટ પરથી સવારે ૮ કલાકે પરિણામ જાહેર કરાશે : વિદ્યાર્થીઓ અને વાલીઓની ઉત્સુકતાનો અંત : જિલ્લામાંથી ૩૦૯૫૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી

ગાંધીનગર તા ૮

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધો -૧૦ ની બોર્ડ પરીક્ષાનુ પરિણામ જાહેર કરાશે. સવારે ૮ કલાકે બોર્ડની વેબસાઇટ પરથી પરિણામ જાહેર થશે. જિલ્લમાંથી ૩૦૯૫૦ વિદ્યાર્થીઓએ બોર્ડની પરીક્ષા આપી હતી. ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામના અંતે ધો -૧૦ ના રીઝલ્ટની કાગડોળે વાટ જોવાતી હતી. આખરે પરિણામ જાહેર કરવાનો નિર્ણય લેવાતા વિદ્યાર્થીઓમાં પરિણામલક્ષી ઉત્તેજના પ્રબળ બની છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ ૨૦૨૦ માં લેવાયેલી ધો -૧૦ ની બોર્ડ પરીક્ષાનુ આજે પરિણામ જાહેર કરાશે. ધો -૧૦ ના પરિણામની વિદ્યાર્થીઓ અને વાલીઓ ઘણી ઉત્સુકતાથી રાહ જોઇ રહ્યા હતા. ગાંધીનગર જિલ્લામાંથી ૩૧ હજાર જેટલા વિદ્યાર્થીઓએ ધો -૧૦ ની પરીક્ષા આપી હતી. કોરોનાકાળમાં ઉત્તરવહીના મુલ્યાંકનની કામગીરી પણ શરૂઆતના તબક્કે અટવાઇ હતી જેના લીધે પરિણામ આપવામાં વિલંબ થાય તેવી સ્થિતિનુ નિર્માણ થયુ હતુ. જો કે જુન મહીનામાં ધો -૧૦ નુ પરિણામ આવી જશે તેવી જાહેરાત પણ અગાઉ શિક્ષણ બોર્ડ દ્વારા કરવામાં આવી હતી. જે મુજબ મંગળવારે ધો -૧૦ નુ પરિણામ જાહેર થશે. શિક્ષણ બોર્ડના પરીક્ષા સચિવે આ અંગે જણાંવ્યા મુજબ વિદ્યાર્થીઓ બોર્ડની વેબસાઇટ પરથી ઓનલાઇન પરિણામ જાણી શકશે. જયારે ગુણપત્રકના વિતરણની તારીખ પણ હવે નક્કી થશે. ધો -૧૦ નુ પરિણામ જાહેર થવાનુ છે ત્યારે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ઉત્સુકતા જોવા મળી રહી છે. જિલ્લામાંથી ૩૧ હજાર જેટલા વિદ્યાર્થીઓએ ધો -૧૦ ની પરીક્ષા આપી હતી. પરિણામના અંતે વિદ્યાર્થીઓ પોતાની શૈક્ષણિક કારકીર્દી માટે આગળ કઇ સ્ટ્રીમમાં અભ્યાસ કરવો તે પણ નક્કી કરશે. જયારે કોરોના સમયગાળામાં પરિણામ જાહેર કરવાનુ હોવાથી શાળાઓએ પણ જરૂરી તૈયારી કરી લીધી છે.

એસવીપી હોસ્પિટલમાં ધરણાંનો અંત : પગાર કાપ પરત ખેંચાયો

નર્સિંગ સ્ટાફ પગાર કાપના મુદ્દે ધરણાં પર બેઠા હતા : હોસ્પિટલનો ૭૫ ટકા સ્ટાફ ધરણાં પર ઊતર્યો હતો અને વહેલી સવારથી નર્સિંગ સ્ટાફ કામથી અળગો રહ્યો હતો

અમદાવાદ, તા. ૮

કોરોના મહામારીને પહોંચી વળવા સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં ડોક્ટરો અને નર્સિંગ સ્ટાફ ખડેપગે કોરોનાના દર્દીઓની સેવા કરતા રહ્યા છે. ત્યારે અમદાવાદ ખાતે આવેલી એસવીપી હોસ્પિટલનો નર્સિંગ સ્ટાફ પગાર કાપના મુદ્દે ધરણાં પર બેઠા હતા. જો કે સ્થિતિ કાબૂ બહાર નિકળી જાય તે પહેલા પગાર કાપનો નિર્ણય પરત ખેંચ્યો છે. એસવીપી હોસ્પિટલમાં ફ્રન્ટ લાઈન વોરિયર નર્સિંગ સ્ટાફ ધરણા પર બેઠતા સત્તાધીશોએ સ્ટાફને મેસેજ કરી જાણ કરી હતી કે, પગાર કાપનો જે નિર્ણય અગાઉ લેવાયો હતો તે નિર્ણય પરત લેવામાં આવે છે અને હવે કોઈનો પગાર કપાશે નહીં. ફ્રન્ટલાઈન વોરિયર નર્સિંગ સ્ટાફના પગારમાં કાપ મુકતા એસવીપી હોસ્પિટમાં હોબાળો કર્યો હતો. વહેલી સવારથી નર્સિંગ સ્ટાફ હડતાલ પર ઉતરી ગયો છે અને કામથી દૂર છે. પૂરો પગાર આપવાની માગ સાથે સ્ટાફે હોસ્પિટલ કેમ્પસમાં જ ધરણાં યોજયા હતા. મળતી માહિતી મુજબ, નર્સિંગ સ્ટાફના પગારમાં ૨૦ ટકાથી વધુનો કાપ મુકતા કોરોના વોરિયર્સમાં રોષ ફેલાયો હતો.

Gujarat State Petronet Limited

Corporate Identity Number : L40200GJ1998SGC035188
Regd Office : GSPC Bhavan, Sector-11, Gandhinagar-382 010 Tel: +91-79-66701001 Fax: +91-79-23236477
Website: www.gujpetronet.com Email: investors.gspl@gspc.in

EXTRACT OF STATEMENT OF STANDALONE AND CONSOLIDATED AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND YEAR ENDED 31ST MARCH 2020

(Rs. in Lacs)

Sr. No.	Particulars	Standalone Results			Consolidated Results		
		Quarter ended 31.03.2020 (Audited)	Year ended 31.03.2020 (Audited)	Quarter ended 31.03.2019 (Audited)	Quarter ended 31.03.2020 (Audited)	Year ended 31.03.2020 (Audited)	Quarter ended 31.03.2019 (Audited)
1	Total Income from Operations (net)	60,186.27	2,43,412.93	44,180.26	3,23,226.74	12,57,811.41	2,37,979.23
2	Net Profit/(Loss) for the period (before Tax and Exceptional items)	27,953.94	1,27,859.83	23,917.48	59,870.64	2,44,366.28	39,016.37
3	Net Profit/(Loss) for the period before tax (after Exceptional items and Share of profit/(loss) of joint venture and associates accounted for using the equity method (net of tax))	27,953.94	1,27,859.83	23,917.48	59,842.73	2,43,754.27	38,755.88
4	Net Profit/(Loss) for the period after tax (after Exceptional items)	22,559.94	1,10,873.26	15,332.27	49,767.27	2,27,863.51	26,678.33
5	Total Comprehensive Income for the period [Comprising Profit/(Loss) for the period after tax and Other Comprehensive Income (after tax)]	22,454.02	1,10,603.52	15,083.25	49,709.49	2,27,194.25	26,113.91
6	Equity Share Capital (face value of Rs.10/- each)	56,410.12	56,410.12	56,397.14	56,410.12	56,410.12	56,397.14
7	Reserves (excluding Revaluation Reserve as shown in Balance Sheet)	-	6,15,844.98	-	-	4,32,017.28	-
8	Earnings per share (EPS)						
	a) Basic EPS (Rs.)	4.00	19.66	2.72	6.79	30.66	3.77
	b) Diluted EPS (Rs.) (face value of Rs. 10/- each)	4.00	19.65	2.72	6.79	30.65	3.77

Notes:
1 The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the Stock Exchange websites (www.nseindia.com and www.bseindia.com) and Company's website (www.gujpetronet.com)
2 The above results were reviewed by the Audit Committee in its meeting held on 6th June, 2020 and approved by the Board of Directors of the Company in its meeting held on 8th June, 2020.
3 The above results are in accordance with the Indian Accounting Standards (Ind-AS) as prescribed under Section 133 of the Companies Act, 2013, read with the relevant rules issued thereunder and other accounting principles generally accepted in India. Accordingly, previous period's figures have been reclassified/regrouped/restated, wherever necessary.

Place : Gandhinagar
Date : 8th June, 2020

For and on behalf of Gujarat State Petronet Limited
Anil Mukim, IAS
Chairman & Managing Director

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com